નવસારીનાં એરૂમાં એક વર્ષના બાળકનું કરુણ મોત

રમતા-રમતા ટ્રકની નજીક પહોંચેલા બાળકને ગંભીર ઈજા થતાં કરુણ અંત

નવસારીઃ નવસારીના એરૂ પોલીસ ગ્રાઉન્ડ ખાતે મજૂરી દરમિયાન બનેલી એક દુઃખદ ઘટનામાં એક વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. ટ્રકમાંથી ઈંટો ઉતારવાની કામગીરી દરમિયાન રમતા-રમતા બાળક અકસ્માતનો ભોગ બનતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

મૂળ મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના રહેવાસી રાજેશભાઈ દામા હાલ સુરતના કામરેજ વિસ્તારમાં મજૂરી કરે છે. તેઓ પરિવાર સાથે એરૂ પોલીસ ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા કામમાં મજૂરી માટે આવ્યા હતા. શુક્રવારે સવારે અંદાજે 9:25 વાગ્યે ટ્રકમાંથી ઈંટો ઉતારવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન રાજેશભાઈ અને અન્ય એક મજૂર ટ્રકનું પાછળનું ફાલકું ખોલી રહ્યા હતા. આ દરમિયાન તેમનો એક વર્ષનો પુત્ર રમતા-રમતા ટ્રકની નજીક આવી ગયો હતો. અચાનક બનેલી ઘટનામાં બાળકના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પરિવારજનોએ તાત્કાલિક બાળકને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. જલાલપોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. એક ક્ષણમાં માસૂમ બાળકનો જીવ જતાં મજૂર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

બીલીમોરા બંદર જેટીની કામગીરી ઠપ્પ, મૂર્તિ વિસર્જનમાં તકલીફ પડશે

ગણેશ અને દશામાના વિસર્જન પૂર્વે ભક્તોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું

બીલીમોરાઃ બીલીમોરા અંબિકા નદી કિનારે આવેલી વર્ષો જૂની બંદર જેટી છેલ્લાં ઘણાં વર્ષોથી જર્જરિત હાલતમાં પહોંચી હતી. જેટીની ખરાબ હાલતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ગુજરાત મેરિટાઈમ બોર્ડ મારફતે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે જેટીનું નવીનીકરણ, રિપેરિંગ તેમજ પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરીને મંજૂરી આપી હતી. આશરે વર્ષ અગાઉ આ કામગીરીનો પ્રારંભ થતાં સ્થાનિકોમાં ખુશીની લાગણી વ્યાપી હતી.

પરંતુ શરૂઆતના થોડા સમય બાદ કામગીરી ધીમી પડતાં હાલમાં સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હોવાનું જોવા મળી રહ્યું છે. સ્થળ પર કોઈ કામગીરી ન ચાલતી હોવાથી સ્થાનિક વેપારીઓ, માછીમારો તેમજ નગરજનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. મેરિટાઈમ બોર્ડના અધિકારીઓ અને કન્સલ્ટન્ટ દ્વારા સ્થળ મુલાકાત બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે હવે ખોરંભે ચઢી ગઈ છે.

બીલીમોરા નગરપાલિકા દ્વારા પણ મેરિટાઈમ બોર્ડને કામ ઝડપથી પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તેમ છતાં કામગીરીની ગતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. હાલ કામ સંપૂર્ણ બંધ હોવાથી કેટલા સમયમાં જેટીનું નવીનીકરણ પૂર્ણ થશે તે અંગે પણ અનિશ્ચિતતા સર્જાઈ છે.

ગણેશોત્સવ તથા દશામા જેવા ધાર્મિક તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અંબિકા નદીમાં મૂર્તિ વિસર્જન માટે બંદર જેટીનો ઉપયોગ કરશે. પરંતુ જેટી અને ઓવારાનું કામ અધૂરું રહેતાં આ વર્ષે વિસર્જન દરમિયાન સેંકડો ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વાપીમાં ૧૬ વર્ષીય તરુણીનું ટેરેસ પરથી પટકાતાં મોત

અકસ્માત છે કે આપઘાત એ મુદ્દે પોલીસે તપાસ આરંભી

વાપીઃ વાપીના કુંભારવાડ વિસ્તારમાં એક ૧૬ વર્ષીય તરુણીનું બિલ્ડિંગના ટેરેસ પરથી નીચે ખુલ્લી જગ્યામાં પડી જતાં ગંભીર ઈજાઓ થવાના કારણે કરુણ મોત નીપજ્યું છે.

પોલીસ દફ્તરે નોંધાયેલી માહિતી મુજબ વાપીના સુથારવાડ વિસ્તારમાં આવેલા 'દેવ તપોવન એપાર્ટમેન્ટ' બી/૨, ફ્લેટ નં. ૧૦૫માં રહેતી શ્રેયા સંતોષ મુન્નાલાલ જેસ્વાલ (ઉંમર વર્ષ ૧૬) કોઈ અગમ્ય કારણોસર કુંભારવાડમાં સંસ્કાર ભારતી સ્કૂલ પાસે આવેલા 'અંબિકા પાર્ક સી બિલ્ડિંગ'ના ટેરેસ પર ગઈ હતી. ત્યાંથી તે અચાનક નીચે ખુલ્લી જગ્યામાં પટકાઈ હતી. ટેરેસ પરથી અત્યંત વેગથી નીચે પડવાના કારણે શ્રેયાને માથાના ભાગે, ડાબા હાથ અને ડાબા પગના ભાગે શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકો અને પરિચિતો દ્વારા લોહીલુહાણ હાલતમાં શ્રેયાને તાત્કાલિક સારવાર અર્થે વાપીની જનસેવા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કરી હતી. આ બનાવ અંગે અંબિકા પાર્કમાં રહેતા દિલીપ જયશંકર જેસ્વાલે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આ અકસ્માત છે કે કેમ ? તેની પોલીસે એફએસએલના અધિકારીઓના રિપોર્ટને આધારે તપાસ હાથ ધરી છે.

સાપુતારા પ્રવાસીઓથી ઉભરાયું.....

■ સાપુતારાઃ ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા ત્રણ દિવસથી પડેલા સતત વરસાદને પગલે સમગ્ર વિસ્તારનું વાતાવરણ અત્યંત આહલાદક અને મનમોહક બની ગયું છે. વરસાદી માહોલ વિખરાયા બાદ હવે પ્રકૃતિએ જાણે લીલી ચાદર ઓઢી હોય તેમ ઘીરે ઘીરે ચારેય તરફ નયનરમ્ય લીલોતરી ખીલી ઉઠી છે.આ અદ્ભુત અને ખુશનુમા વાતાવરણનો લહાવો લેવા માટે શનિ-રવિવારની સાપ્તાહિક રજાઓ દરમિયાન પ્રવાસીઓનો અવિરત પ્રવાહ સાપુતારા તરફ ફંટાયો હતો, જેના કારણે ગિરિમથકના તમામ જોવાલાયક સ્થળો પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. વીકેન્ડની આ ભીડને પગલે સાપુતારાની તમામ નાની-મોટી હોટલો અને રિસોર્ટ્સ અત્યારથી જ પેક થઈ ગયા છે.

ભીલાડ પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

ઉમરગામઃ ભીલાડ પ્રાથમિક શાળાના ઉપશિક્ષિકા તારાબેન મનુભાઈ પટેલ વય મર્યાદાના લીધે નિવૃત્ત થતા વિદાય સમ્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે તારાબેનના પરિવારજનો, સી.આર.સી કો-ઓર્ડીનેટર પ્રતિજ્ઞાબેન સોલંકી, ભીલાડ ગામના સરપંચ વૈશાલીબેન જાદવ, પંચાયત સદસ્ય ચંદનબેન, સામાજિક કાર્યકર અને વિશ્વ હિન્દુ પરિષદના પીયૂષભાઈ શાહ,એસએમસીના સભ્યો, શાળાના શિક્ષકો સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.શાળા પરિવાર તરફથી તારાબેનને શાલ ઓઢાડી, સન્માનપત્ર અને ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

ફરિયાદના 72 કલાકમાં ભેદ ઉકેલાયો ચડ્ડી બનિયાન ગેંગના 3 ઝડપાયા

નવસારી પોલીસે પકડેલા ત્રણેય રીઢા તસ્કર, ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

નવસારીઃ જલાલપોર પોલીસ મથક વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીની ફરિયાદના માત્ર ત્રણ દિવસમાં પોલીસે ચડ્ડી બનીયાન ગેંગના ત્રણને ઝડપી પાડી ત્રણ અલગ-અલગ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલા આરોપીઓ ઈશ્વર જોરસિંગ મંડોર, નરેશ આમલીયાર અને રમશુ ભુરીયા મજૂરીકામના બહાને ફેક્ટરીઓ અને બાંધકામ સાઇટો પર કામ કરતાં હતા. દિવસ દરમિયાન તેઓ બંધ મકાનો અને આસપાસના વિસ્તારોની બારીકાઈથી રેકી કરતા અને રાત્રિના સમયે તક મળતાં ચોરીને અંજામ આપતા હતા. પોતાની ઓળખ છુપાવવા માટે આરોપીઓ શર્ટ ઉતારી માત્ર ચડ્ડી-બનિયાનમાં રહેતા અને મોઢું કપડાથી ઢાંકીને ગુનો આચરતા હોવાથી તેમની ઓળખ 'ચડ્ડી બનીયાન' ગેંગ તરીકે થઈ હતી.

પોલીસે તેમની પાસેથી ગણેશજીની તાંબાની મૂર્તિ, ઘડિયાળ, મોબાઈલ ફોન, રોકડ સહિત કુલ રૂ. 21,007નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ જલાલપોર પોલીસ મથક વિસ્તારમાં થયેલી ત્રણ ઘરફોડ ચોરીઓમાં સંડોવણી કબૂલી હોવાનું જાણવા મળ્યું છે.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ગેંગના સભ્યો અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા રહ્યા છે. મુખ્ય આરોપી ઈશ્વર જોરસિંગ મંડોર સામે ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી અને લૂંટના 13થી વધુ ગુનાઓ નોંધાયેલા છે.

બીલીમોરાની સેન્ટ જોસેફ કોન્વેન્ટ ઈ.ટી. હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ

બીલીમોરાઃ બીલીમોરાની અંગ્રેજી માધ્યમની સેન્ટ જોસેફ કોન્વેન્ટ ઈ.ટી. હાઈસ્કૂલ ખાતે ગુરુવારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીનેશભાઈ આહીર (IED સ્પેશિયલ એજ્યુકેટર, ગણદેવી), દીપિકા રોઝ (મામલતદાર, ગણદેવી), પીયૂષભાઈ બી. પટેલ (CRC કો-ઓર્ડિનેટર, વડસાંગળ) તથા ધર્મેશભાઈ રાઠોડ (નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો અર્પણ કરીને શાળા પરિવારમાં આવકારવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય સિસ્ટર વેલન્કની હાજર રહ્યાં હતાં.

ડાંગમાં વ્યસન મુક્તિ સંદર્ભે જનજાગૃતિ રેલી યોજાઈ

પોલીસ, આબકારી વિભાગ સહિતના અધિકારીઓ-કર્મચારીઓ રેલીમાં જોડાયા.

સાપુતારાઃ વ્યસનમુક્ત સમાજના નિર્માણના પવિત્ર ઉદ્દેશ સાથે 'વ્યસન મુક્ત ભારત અભિયાન' અંતર્ગત શુક્રવારે ડાંગ જિલ્લામાં જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ હેડક્વાર્ટર, ડાંગ ખાતેથી એસ.ઓ.જી. દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી પોલીસ હેડક્વાર્ટરથી પ્રસ્થાન કરી પ્રવાસી ગૃહ, સિવિલ હોસ્પિટલ, કલેક્ટર કચેરી માર્ગે બજાર વિસ્તારમાં આવેલા એસ.ઓ.જી. કાર્યાલય સુધી યોજાઈ હતી. રેલી દરમિયાન વ્યસનમુક્ત જીવનનો સંદેશો આપતાં સૂત્રોચ્ચારો દ્વારા નાગરિકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડી.વાય. એસ.પી. હેડક્વાર્ટર જે.પી. નલવાયા, પોલીસ વિભાગ, આબકારી વિભાગ, એસ.ઓ.જી., એલ.સી.બી., પોલીસ હેડક્વાર્ટર, જી.આર.ડી., હોમગાર્ડ્સ તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

ખેતીને બચાવવા માટે ખાતરનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જરૂરી

વાંસદામાં ખેત બચાવો અભિયાન અંગે સેમિનાર યોજાયો

વાંસદા: કેન્દ્ર સરકારના કૃષિ મંત્રાલય દ્વારા ધરતીમાતાના રક્ષણ માટે રાષ્ટ્રીય ચળવળનો શુભારંભ થતા વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિ. અને નાબાર્ડના નવસારી એકમના સંયુક્ત ઉપક્રમે ખેત બચાવો અભિયાનના ભાગરૂપે એક સેમિનાર વાંસદા ખાતે યોજવામાં આવ્યો હતો.

વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિ. વાંસદા શાખાના હોલમાં યોજાયેલા સેમિનારમાં નવસારી ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ મેનેજર નાબાર્ડના એન. એચ. કેન્દ્રએ ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનો અભિગમ ખેડૂતોની આવક વધારવાની સાથે વૈજ્ઞાનિક ઢબે ખર્ચને ઘટાડવાનો રહ્યો છે.

ત્યારે ખેતીને બચાવવી હશે તો ખાતરનો સંયમપૂર્વકનો ઉપયોગ કરવાની સાથોસાથ ઓર્ગનિક ખેતીને અપનાવી ઓર્ગનિક ખેતીના ફાયદા સમજાવ્યા હતા.

સાથે જ બેંકની ઝીરો ટકાવાળી કે.સી.સી. યોજના ઉપર ભાર મૂકી વ્યાજના ભારણમાંથી બચવાના વિકલ્પો સમજાવ્યા હતા.

વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિ. વલસાડના મેનેજર લોન મુકેશ પાનવાલાએ ખેતીની જમીનનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરાવી જમીનને અનુરૂપ ખેતીની ઉપજ મેળવવાની સાથોસાથ પાણીનો દૂર ઉપયોગ અટકાવવા ટપક સિંચાઇની પદ્ધતિઓ અપનાવી પાણીનો બગાડ અટકાવવાની સાથોસાથ ઉત્પાદન ખર્ચ ઘટાડી નફાકારકતા વધારવા ઉપર ભાર મૂક્યો હતો.

સાથે જ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલી અને મોર્ગેજ કર્યા વિના મેળવી શકાતી રૂ.૧ લાખ સુધીની સરલ ક્રેશ ક્રેડિટ યોજનાનો નાના ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ અને કર્મચારીઓને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

પારડીમાં મોગલધામના લાભાર્થે લોક ડાયરો યોજાયો

મા મોગલના ભક્તોએ દાનની વર્ષા કરી

પારડીઃ પારડી ખાતે મોગલધામ સોખલાના લાભાર્થે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. પારડી મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં યોજાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોક કલાકાર સંગીતાબેન લાબડિયા અને સ્વામિનારાયણ સંપ્રદાયના આર્યન ભગત ઉપસ્થિત રહ્યા હતા. પારડીમાં પ્રથમ વખત યોજાયેલા આ ડાયરામાં નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મોડી રાત સુધી ભજનો તેમજ લોકગીતોની રમઝટ માણી હતી. આ કાર્યક્રમ અંગે લોક ગાયિકા સંગીતાબેને જણાવ્યું કે આ પારડી ગામ ખૂબ જ ભજન પ્રેમી, સંત પ્રેમી અને બહુ ભાવિલું ગામ છે. અહીંયા શ્રીમદ ભાગવત કથાનું આયોજન છે, એ અંતર્ગત આજે લોક ડાયરાનું આયોજન હતું. ઓડિટોરિયમમાં યોજાયેલો આ કાર્યક્રમ મોગલધામના લાભાર્થે હતો. બધા ભક્તોએ તેનો ખૂબ લહાવો લીધો અને મન મૂકીને દાનની વર્ષા કરી છે.

આયોજક આસિત ઉર્ફે ગુરુ દેસાઈએ જણાવ્યું કે સંગીતાબેન દ્વારા 'મા મોગલ' અને 'દીકરી મારી લાડકી' જેવા જીવનમાં ઉતારવા લાયક અનેક ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ પારડી ધીરુભાઈ હોલ ખાતે રાજકોટના સુપ્રસિદ્ધ કથાકાર દિવ્યાબેન સાધુની અમૃતવાણીથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ 28 જૂન સુધી ચાલશે જેનો શ્રોતાઓ લાભ લઇ રહ્યા છે.

દેગામ ગૃપ સેવા સહકારી મંડળીની 120મી સાધારણ સભા યોજાઈ

સૌથી વધુ ખરીદી કરનારાઓનું, તેજસ્વી છાત્રોનું સન્માન કરવામાં આવ્યું

ધેજઃ ચીખલી તાલુકાનાં દેગામની દેગામ ગૃપ સેવા સહકારી મંડળી લિ.ની ૧૨૦મી વાર્ષિક સાધારણ સભામાં એજન્ડાના તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. દેગામ ગૃપ સેવા સહકારી મંડળી લિ. દેગામ અને સુંથવાડ ગામની ૧૨૦મી વાર્ષિક સાધારણ સભા દેગામ ખાતે આવેલ પ્રજાપતિ સદનમાં મંડળીના પ્રમુખ પરિમલભાઈ દેસાઈ, ઉપ-પ્રમુખ જ્યોત્સનાબેન પટેલ, માનદમંત્રી અશોકકુમાર ગાંધી તેમજ ડિરેક્ટરો અને સભાસદો ઉપરાંત વલસાડ જિલ્લા સહકારી બેંકના ડિરેક્ટર કિશોરભાઈ પટેલ , તાલુકા ખેતી નિયામક આનંદભાઈ ભટ્ટ વગેરેની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં એજન્ડાના કામો મંડળીના મેનેજર એરિક ગાંધીએ રજૂ કર્યા હતા,જે તમામ કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

મંડળીના સભાસદોની સંખ્યા ૯૧૬ થઈ છે અને શેરભંડોર રૂ.૪,૩૦,૧૬૦/ થયેલ છે. આ સાથે-સાથે આ મંડળીના શતાબ્દી વર્ષે થયેલ જાહેરાત મુજબ આ વર્ષે મંડળીના સભાસદોને તેમજ મંડળીમાંથી વેચાણ થતી સિમેન્ટ, રસાયણિક ખાતર ખરીદનાર ધવલકુમાર દેસાઈ, સૌથી વધુ ડાંગર પુલીંગ કરનાર દીપકકુમાર કુબેર, સૌથી વધુ સિમેન્ટ ખરીદનાર શૈલેન્દ્રસિંહ રાજપૂત, બચત યોજનામાં વધુ રકમ જમા કરાવનાર શારદાબેન શાંતિલાલ ભંડારી તેમજ વધુ શેરડી પાક મેળવનાર (રોપાણ) ખેડૂત સભાસદ સુમિત્રાબેન દિનકરરાય દેસાઈ અને લામ પાકમાં વધુ શેરડી પકવનાર ખેડૂત સભાસદ અરવિંદભાઈ હરિશંકર ભટ્ટને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. દેગામ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ના વિદ્યાર્થી વિશાલ શંકરભાઈ ગાંવીત અને સુંથવાડ ગામે આવેલ વૃંદાવન ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ધોરણ-૧૦ની વિદ્યાર્થીની દિયાકુમારી હસમુખભાઈ પટેલને સ્કૂલ ખાતે પ્રથમ ક્રમે ઉતીર્ણ થતાં એમને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા વહીવટી તંત્ર નવસારી દ્વારા "ઉત્કૃષ્ટતા પ્રમાણપત્ર" દેગામ ગૃપ સેવા સહકારી મંડળી લિ. દેગામને નવસારી જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના હસ્તે આપવામાં આવેલ છે.

વલસાડ કચીગામમાં ખેતીની જમીનમાંથી વૃક્ષોની ચોરી

પોલીસ તપાસ ચાલતી હતી ને વૃક્ષોની ચોરી થઈ ગઈ !

વલસાડઃ વલસાડ કચીગામ ખાતે આવેલી એક ખેતીની જમીનમાંથી કિંમતી ઝાડો કાપીને ચોરી કરી જવા અંગે તેમજ વડીલને જાનથી મારવાનો પ્રયાસ કરવા બાબતે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ અરજી આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, વલસાડ તાલુકાના કચીગામ દેસાઈ ફળીયાના રહીશ હિરેનકુમાર અનોપસિંહ ઠાકોરે વલસાડ રૂરલ પોલીસ સબ ઈન્સ્પેક્ટરને લેખિત અરજી આપી છે. અરજીમાં જણાવ્યા અનુસાર, કચીગામમાં તેમની ખેતીની જમીનમાં આશરે 60થી 70 વર્ષ જૂનાં સાગ, વાંજરો અને આંબા કલમના કિંમતી ઝાડો હતાં. ગત શનિવારે સવારે આશરે ૮:૧૦ કલાકે ગામના જ એક રહીશ અને લાકડાના વેપારીઓ એકસંપ થઈને આ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઝાડો કાપવા લાગ્યા હતાં. અરજદારના પિતા અનોપસિંહ નારસિંહ ઠાકોર તેઓને રોકવા જતાં, સ્થાનિક રહીશ કુહાડી લઈને તેઓને મારવા દોડ્યા હતા.

આ અંગે અરજદારે તાત્કાલિક '112' પર પોલીસને જાણ કરતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ પોલીસ બંને પક્ષોને પૂછપરછ માટે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે, જ્યારે પોલીસ સ્ટેશનમાં પૂછપરછ ચાલતી હતી, તે જ સમયે પાછળથી ગામના રહીશના દીકરા સહીતના લાકડાના વેપારી અને મજૂરોએ ફરી ઘટનાસ્થળે જઈને કપાયેલા સાગ અને આંબાના લાકડા આઈસર ટેમ્પોમાં ભરીને ચોરી કરી ગયા હતાં.

વલસાડ ડિસ્ટ્રીક્ટ બેંકે ચીખલીમાં એટીએમની સુવિધા કાર્યરત કરી

વસુધારા ડેરીમાં લોકાર્પણ સમારોહ યોજાયો

કેન્દ્ર સરકારનાં સહકાર વિભાગ દ્વારા ચાલતા "સહકાર સે સમૃધ્ધિ" નાં નેજા હેઠળ બેંકનાં ગ્રાહકોને ઘરઆંગણે ૨૪X૭ નાણાંકીય લેવડ-દેવડની સુવિધા ઉપલબ્ધ કરાવવાનાં ભાગરૂપે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (વસુધારા ડેરી) આલીપોર ખાતે ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લિ.નાં અદ્યતન ATM નો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બેંકનાં કાર્યવિસ્તારમાં ચીખલી ખાતેનાં ATMની સાથે જુદા જુદા કાર્યવિસ્તારમાં કુલ ૨૫ જેટલા ATM ગ્રાહકોની સુવિધા માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

બેંકનાં વાઇસ ચેરમેન ગોવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, બેંક દ્વારા આજે ૨૫માં ATMનો શુભારંભ કરાવી બેંકનાં ગ્રાહકોને સરળતાથી નાણાંકીય લેવડ-દેવડ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વસુધારા ડેરીનાં ચેરમેન રાજેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, દૂધ મંડળીનાં પશુપાલક સભાસદો માટે ATMની સુવિધા આશીર્વાદ સમાન સાબિત થશે. બેંકનાં ડાયરેકટર અને સહકારી અગ્રણી કિશોરભાઇ પટેલે ATM ની સાથોસાથ ડેરીનાં સભાસદો કે.સી.સી. પશુપાલનની ઓવરડ્રાફ્ટની સગવડ મેળવી આર્થિક રીતે પગભર થવાની શુભેચ્છા પાઠવી "સહકારથી સમૃધ્ધિ" તરફ પ્રયાણ કરવા અનુરોધ વ્યક્ત કર્યો હતો.

ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લિ.નાં ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર એલ.એસ.પટેલે જણાવ્યું હતું કે બેંકનાં ગ્રાહકો ૨૪X૭ નાણાંકીય લેવડ-દેવડ કરી શકે તે માટે વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં કુલ ૭૩૩ જેટલા માઇક્રો ATM આપવામાં આવ્યાં છે. જેના થકી આ ગામોમાં કોઇપણ બેંકનાં ખાતાધારકો ઘરઆંગણે નાણાં ઉપાડી શકશે.